આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ કન્યા

આજના ગ્રહોની કુંડળી



સાંજે પોણા છ વાગે ચંદ્ર તુલા રાશિમાં પ્રવેશ કરશે. ઉચ્ચનો સૂર્ય અને શુક્ર સ્વગૃહી મંગળ છે. આજે ચાંડાલ યોગ ચાલુ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...

મેષ સ્થાનોની દ્રષ્ટિએ ઉચ્ચનો ગ્રહો આજનો તમારી કુંડળીમાં રાજયોગ કરે છે. તેથી આજનો તમારો દિવસ વૈભવી વિલાસમાં જાય - આનંદમાં જાય.

વૃષભ આપની રાશિનો માલીક શુક્ર ઉચ્ચનો છે તે અગિયારમે છે તેમજ સૂર્ય ઉચ્ચનો થઈ શત્રુ વિજય યોગ કરે છે માટે આજનો દિવસ આપને માટે સરસ જશે.

મિથુન ચંદ્ર - શુક્રનું ચોથા દસમાનું સ્થાન પરનું ભ્રમણ તમારે માટે આજનો દિવસ રાજયોગ અને વિજયોગ કરે છે. મા-બાપના આશિષ મળશે.

કર્ક ચંદ્ર શુક્રનું ત્રીજે નવમે ભ્રમણ તમારે માટે અતિ આનંદના સમાચાર લાવનાર છે. તમારું ભાવિ હજુ વધુ ઉજ્જવળ બનવાનું છે. આગામી બે દિવસ તમારે માટે સારા છે.

સિંહ પ્રવર્તમાન ગ્રહો ઉચ્ચના અને સ્વગૃહી થઈને આપની રાશિની કુંડળીમાં હાલમાં ભ્રમણ કરી રહ્યા છે તેથી ચાંડાલ યોગની બૂરી અસર નહિવત છે. આનંદમાં રહો.

કન્યા ચંદ્ર - શુક્રના તમારી રાશિને અસર કરતા ભ્રમણને કારણે તમારા હાલના ગ્રહો ઉચ્ચ રાજયોગ કરે છે - વિજય યોગ કરે છે - ભાગ્યકારક સમય ચાલે છે.

તુલા ુચ્ચનો સૂર્ય - શુક્ર તેમજ મંગળ સ્વગૃહી ચાલે છે જે વક્રી શનિ - ગુરુ - રાહુની ખરાબ અસરો નાબૂદ કરે છે. સૂર્ય નવગ્રહોનો અધિષ્ઠાતા છે જે ઉચ્ચનો છે.

વૃશ્ચિક સ્વગૃહી મંગળનું રાશિમાં ભ્રમણ સારું ચાલે છે. રાજ્ય તરફથી, જમીન - મકાનના સોદાઓ તરફથી આપને લાભો મળવાપાત્ર છે જેથી દિવસ આનંદમાં જશે.

ધન સ્થાનોની દ્રષ્ટિએ સારા નરસા ગ્રહો ગોઠવાયેલા હોઈ તમોને સારું અને ખરાબ એમ બંને મળવાપાત્ર ફળ મળશે - મિશ્રફળ મળશે.

મકર સારા ગ્રહોનું સારા સ્થાનોનું પરિભ્રમણ સારું ફળ જરૂર આપે તેમ છે. પરંતુ આઠમે ચાંડાલ યોગ હોઈ મળવાપાત્ર ફળ ઓછું પ્રાપ્ત થાય તેમ છે.

કુંભ સાતમે ચાંડાલ યોગ તેમજ અન્ય ગ્રહોની સ્થાન સ્થિતિ જોતાં તમારી રાશિને એકંદરે રાહત રહેશે - દિવસ દરમિયાન મિશ્રફળ મળશે.

મીન રાશિમાં ઉચ્ચનો શુક્ર - સાતમે ચંદ્ર તમારે માટે ઉત્તમ રાજયોગના સર્જક છે. આજે તમોને અણધાર્યા લાભ પ્રાપ્ત થઈ શકે તેમ છે. અણધારી સફળતા મળશે.

સે-૫-બીમાં લગાડેલા રમતના સાધનોથી રહીશો ત્રસ્ત

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટરોમાં કેટલીક જગ્યાઓમાં મહાનગરપાલિકા દ્વારા રમત-ગમતના સાધનો ફીટ કરવામાં આવ્યા છે. મનપાએ સેકટરોમાં ખાલી જગ્યાઓ જયાં નજરે પડી ત્યાં ત્યાં રમત ગમતના સાધનોનું ફીટીંગ કર્યું હોવાથી કેટલાક સેકટરોમાં વસતા રહીશોએ અસામાજીક દુષણોનો સામનો કરવો પડી રહ્યો છે. મનપા દ્વારા સે-૫-બીમાં મહાકાળી મંદિર અને પ્લોટ નં. ૫૪૪/૧ નીસાથે રમત ગમતના સાધનો ફીટ કર્યા હતા.મહાકાળી મંદિર ખાતે ફીટ કરવામાં આવેલા સાધનો બાબતે નાગરિકો દ્વારા વિરોધ કરવામાં આવતા રમત ગમતના સાધનો કાઢી લેવામાં આવ્યા છે. જયારે પ્લોટ નં. ૫૪૪/૧ની સામે રમત ગમતના સાધનો લગાડવામાં આવ્યા છે ત્યાં હાલ રમવા આવતા બાળકોની સંખ્યામાં વધારો થતો જાય છે જેનાથી ઘણો જ અવાજ તેમજ ધુળ ઉડતી હોવાથી આસપાસ રહેતા રહીશોએ અવાજના પ્રદુષણ જેવી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. સાથે જ ધુળ ઉડતી હોવાથી અસ્થમા જેવા રોગો થવા પણ સંભવ છે. આસપાસના રહીશો આ સમસ્યાને લઈ ચિંતિત છે. આ સમસ્યાને નિવારવા માટે સે-૫-બીમાં રહેતા જે.સી. પરમારે અનુરોધ કરતા જણાવ્યું છે કે પ્લોટ નં. ૫૪૪/૧ની સામે આવેલ રમત-ગમતના સાધનો કાઢી કોઈ ખુલ્લી જગ્યામાં ગોઠવવામાં આવે તો જ આ સમસ્યા દૂર થઈ શકશે. આ સાથે જ તેઓએ બીજી ખુલ્લી જગ્યામાં રમતગમતના સાધન ફીટ કરવા પણ વિનંતી કરી છે.

ફોટો ટૉક....

■ હિરેન ભટ્ટ

આ તસવીર બહુરૂપી બાળકની છે. પોતાનું પેટ ભરવા 'ભગવાન' પણ બની શકવા સમર્થ એવા બહુરૂપીની તસવીર... આમ તો ઈશ્વર પણ 'બહુરૂપી' જ છે... કોણ જાણે ક્યારે - કયા સ્વરૂપે આપણી સન્મુખ પ્રગટ થઈ જાય..! હેવી ટ્રાફીકવાળા ચાર રસ્તા પર સિગ્નલને કારણે કાર થોભાવી તો આ 'બાળ હનુમાનજી'એ કારના રીયર વ્યૂ મિરર મારફતે મારી તરફ કૃપા દૃષ્ટિ કરી. બાળકમાં આમ પણ ઈશ્વરનો અંશ હોય છે, આ બહુરૂપી બાળક તો સાચ્ચેસાચ ઈશ્વરનો અંશ !!! ત્યાં રીયર વ્યૂ મિરર પર લખેલા અક્ષરો પર મારું ધ્યાન ગયું. **'Object in the mirror are closer then they appear.'** ખરેખર અનુભવાય તો ઈશ્વર આપણે સમજીએ છીએ તેના કરતાં વધુ સમીપ છે.

સરકારી ચોખા ચોરીની તપાસ માટે આરોપી બે દિવસનાં રિમાન્ડ પર

પહેલા પણ ચોરી કરી હતી કે નહી તે ઉપરાંત કોની કોની સંડોવણી છે? તેની તપાસ શરૂ

ગાંધીનગર, તા.૨૦

અડાલજના ગોડાઉનથી ચરેડીના ગોડાઉનમાં સરકારી ચોખાનો જથ્થો ટ્રાન્સફર કરતી વખતે વાવોલ પાસે ટ્રક લઈ જઈને ચોખાના કટ્ટાની ચોરી ચાલી રહી હતી તે દરમિયાન સે-૭ પોલીસે દરોડો પાડીબે શખ્સોને પોલીસે પકડી પાડયા હતા. સરકારી અનાજના ચોરીનું મોટું કૌભાંડ બહાર આવે તેવી શકયતાને પગલે પોલીસે બંનેની પુછપરછ માટે કોર્ટમાં રજુ કરતા કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

સેકટર-૭ પોલીસે રાત્રી દરમિયાન વાવોલ-પુન્દ્રાસણ રોડ પર એક બોરકુવા પાસે દરોડો પાડીને સરકારી ચોખાના કટ્ટા ઉતારીને ચોરી કરતા બે શખ્સોને રંગે હાથ પકડી પાડયા હતા. ડ્રાઈવર સુરેશ ઠાકોર અને વાવોલના સ્થાનિક શખ્સ વિક્રમ ગોલ બંનેની ધરપકડ કરી પોલીસે ટ્રક સહિત ૫૪૦ કટ્ટા ચોખા જપ્ત કરી કૌભાંડનાં મુળ સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે. પકડાયેલા શખ્સો કેટલાક સમયથી આ પ્રકારની ચોરી કરે છે તે ઉપરાંત કટ્ટા ચોરીના કૌભાંડમાં કોની કોની સંડોવણી છે તે સહિતની વિગતો બહાર લાવવા આરોપીઓને કોર્ટમાં રજુ કરી રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. કોર્ટે આરોપીના બે દિવસના રિમાન્ડ મંજુર કરતાં સે-૭ પોલીસે ઝીણવટભરી પુછતાછ આરંભી છે.

શહેર વસાહત મહામંડળની ચરણ સેવા

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને અરુણોદય સેવાટ્રસ્ટ દ્વારા રાજસ્થાનની સરહદ પરના અરવલ્લી જિલ્લાના ૨૦ ગામોમાં રૂબરૂ સ્થળની મુલાકાત લઈ ૧૫૦૦ વિદ્યાર્થીઓને નવા પગરખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, મયુરભાઈ વ્યાસ, નિલેન્દુ વોરા, પ્રદિપ સોલંકી સહિતના સભ્યો હાજર રહ્યા હતા. આ ઉપરાંત મોડાસા ખાતેની લાયન્સ સંચાલિત પોલીટેકનીક તથા શાળાના બહેરામુંગા ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓને ચરણ સેવા કરવામાં આવી હતી. આમ તમામ જુદા જુદા સ્થળોની રૂબરૂ મુલાકાત ૧૯૯૧થી સતત ચરણ સેવાનું આરંભાયેલ યજ્ઞમાં હજ્જારોની સંખ્યામાં નવા પગરખા ખરીદી જરૂરીયાતમંદોને પહોંચાડવાનું ચરણસેવા કરતી સંસ્થા શહેર વસાહત મહામંડળ છે.

સેકટર-૩૦ ચાર રસ્તા પાસે ડામરનો રોડ તોડી ખાડા ખોદાતાં લોકોને હાલાકી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા સેકટર-૩૦ પ્રત્યે ઓરમાયું વર્તન કરાય છે. છેલ્લા પાંચ વર્ષમાં દર મહિને જુદા જુદા વિભાગો ડામરનો રોડ તોડી ખાડા કરે છે જેને કારણે ૩૦ ચાર રસ્તા પાસે અવર જવર કરતા રહીશો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

ગાંધીનગરમાં છાશવારે ડામરના રોડ તોડીને ખાડા કરતાં પાટનગર યોજના સામે રોષ ફાટી નીકળ્યો છે. તેમાંય ચોમાસા પહેલા કામ પૂર્ણ થાય તેવા કોઈ અણસાર નથી. દર મહિને અહીં પાણીની પાઈપ લાઈન લીકેજ થઈ જવાને કારણે કાયમી ધોરણે રોડ પર ખાડો પડી ગયો છે જેથી લોકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. તેમાંય ચાર રસ્તાની બાજુમાં ઈ-બાઈકનો લોખંડનો મોટો ડબ્બો મૂકી દેતા છાશવારે અકસ્માત થાય છે. હકીકતમાં માર્ગ પહોળા બનાવતા સ્ટોર્મ વોટરપાઈપ લાઈન, ટેલીફોનની લાઈન, રોડની નીચે આવી ગયેલ છે જેને કારણે અડધો અડધ માર્ગ માટીમાં ફેરવાઈ ગયો છે. ગાંધીનગરમાં જાહેર રસ્તા ક, ખ, ગ, ઘ,ચ, છ અને જ માર્ગની આસપાસ સંરક્ષીત જંગલ વિસ્તાર છે છતાં આ વિસ્તારમાં જુદા જુદા વિભાગો દ્વારા દબાણ થઈ જતાં આસપાસના રહીશોને ભારે હાલાકી ભોગવવી પડે છે. વારંવાર રહીશો દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા છતાં હજુ સુધી યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી.

પક્ષોની આવક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. તેની આવકમાં ૪૪ ટકા સુધીનો ઉલ્લેખનીય વધારો થયો છે. તેની આવકનો આંકડો ૬૭૩ કરોડ રૂપિયાથી વધીને ૯૭૦ કરોડ સુધી પહોંચી ગયો છે. સીપીઆઈ એકમાત્ર એવી પાર્ટી છે જેની આવક ઘટી છે. કોંગ્રેસની કુલ આવકના આંકડા મેળવી શકાયા નથી. કારણ કે ચૂંટણી પંચ દ્વારા જારી કરવામાં આવેલી ૩૦મી નવેમ્બર સુધીની ડેડલાઈન છતાં તે પોતાના આંકડા આપી શકી નથી. ગ્રાન્ટસ, દાન અને ફંડ જમા કરવા અને સ્વૈચ્છિક સહયોગ પાર્ટીની આવકના મુખ્ય સાધન છે. ભાજપે કુલ આવકમાંથી ૯૪૦ કરોડની રકમ દાન મારફતે મળી હોવાની વાત કબુલી છે. જ્યારે બહુજન સમાજ પાર્ટીએ ૯૨ કરોડની રકમ મળી હોવાનો દાવો કર્યો છે. ચૂટણી પંચ દ્વારા તમામ પ્રકારની માહિતી માંગવામાં આવી હતી.

રાષ્ટ્રપતિના નિર્ણયની

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તેઓએ ઉપ ધારાસભ્યો દ્વારા વિધાનસભામાં મત વિભાજનની માંગ કરવાના સંદર્ભમાં પોતાના વ્યક્તિગત અભિપ્રાયનો ઉલ્લેખ કર્યો ન હતો. કોર્ટે કહ્યું હતું કે, તેમના રિપોર્ટમાં આ બાબતનો કોઈ ઉલ્લેખ ન હતો કે, કોંગ્રેસના નવ અસંતુષ્ટ ધારાસભ્યો દ્વારા પણ મત વિભાજનની માંગ કરવામાં આવી હતી. કોર્ટે શ્રેણીબદ્ધ પ્રશ્નો કર્યા હતા. ભારત સરકારને એવું કેમ લાગ્યું કે, ઉપ ધારાસભ્યો વિરુદ્ધમાં છે. રાજ્યપાલના અહેવાલ સંદર્ભમાં કોર્ટે કહ્યું હતું કે, ૧૯મી માર્ચના દિવસે રાષ્ટ્રપતિને મોકલવામાં આવેલા રાજ્યપાલના પત્રમાં આ બાબતનો ઉલ્લેખ ન હતો કે, ઉપ ધારાસભ્યો મતવિભાજનની માંગ કરી ચુક્યા છે. આવા જટિલ પ્રશ્ન વેળા કેન્દ્રએ કહ્યું હતું કે, ૧૯મી માર્ચના દિવસે રાજ્યપાલની પાસે પુરતી માહિતી ન હતી. બરખાસ્ત કરવામાં આવેલા મુખ્યમંત્રી હરિશ રાવતની અરજી અને ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસનને પડકાર ફેંકતી અરજી પર સુનાવણી વેળા કોર્ટે આ તારણ આપ્યા હતા.

હાઈકોર્ટ પહોંચ્યો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અમૃતાબેને તેમના હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો હતો. ત્યાં પક્ષનો મેન્ડેટ મેળવનાર શંકરભાઈ ચૌધરીએ પંચાયત સચિવશ્રીના હૂકમને પડકારતી એક રીટ ગુજરાતની વડી અદાલતમાં કરી છે.

વડી અદાલતે આ અંગે બાંધકામ સમિતિના સચિવને નોટીસ ફટકારી જવાબ સાથે ૨૧મીએ હાજર રહેવા જણાવ્યું છે. આજે રાજ્યની વડી અદાલતમાં આ મામલે સુનાવણી હાથ ધરાશે.

જિલ્લા પંચાયતની સમિતિઓની રચનાના મુદ્દે ઉભા થયેલા વિવાદો હજુ શાંત નહિ થયા હોવાની સીધી અસર વહીવટીતંત્ર પર પડી રહી હોવાનું જાણકારો માની રહ્યાં છે. જો કે આ સમગ્ર મામલો પક્ષની આંતરિક બાબત હોવાથી કોઈ આગેવાન કંઈ જ બોલવા તૈયાર નથી.

ગુલમોર ● ૪ પાનાનું ચાલુ...

''ઓ.કે. બાબા, હવે તું જેમ કહીશ એમ જ કરીશ. પણ તું આમ નારાજ ના થઈ જા, નહીં થાય ને?'' ''ચાલ, એ તો ઠીક છે. પણ આ વોટ્સ-એપમાં ડી.પી. તરીકે તારો પિક મૂકવાની મેં તને ના નથી પાડી?''

''સોરી, બસ? હવે મારું પિક નહીં રાખું અને કોઈ ભગવાનનું પિક યા કોઈ ફલાવરનું પિક મૂકી દઈશ. ઓ.કે.? પણ તું નારાજ ના થઈશ. તું રિસાઈ જાય એ મને નથી ગમતું, ડીયર.'' ''અરે યાર, શું હવે નહીં રાખું? તને એકની એક વાત મારે કેટલી વાર કહેવાની? એક વાર કહીએ પછી તને સમજ નથી પડતી? તારે હું કહું એમ જ કરવાનું. સમજી કે નહીં?''

''અરે પણ ડીયર, એક મેરેજ ફંકશનમાં ગયેલી ત્યારે મારા થોડા સારા પિક્સ ક્લિક થયેલા. એમાંથી આ ફોટો મને ગમતો હતો એટલે મૂક્યો. પણ હવે નહીં મૂકું. હવે તો હેપ્પી ને? તું રિસાઈ ના જતો. પ્લિઝ.''

''અરે, પણ તેં તારો પિક પ્રોફાઈલમાં મૂક્યો જ કેમ? તારે કોને તારો પિક બતાવવાનો હતો? તારે એવી તો શું ઈમર્જન્સી આવી ગઈ હતી કે મને પૂછ્યા વિના તારે વોટ્સ-એપમાં નવો ડીપી મૂકવો પડે?''

''ઓ.કે. બાબા, સોરી... બસ, હવે મારા કોઈ પિક નહી મૂકું. તું કહીશ એમ જ કરીશ.'' ફરી એક વાર પ્રેમી યુવાનના તેની પ્રિયા સાથેના થોડા સંવાદો : ''ડાર્લિંગ, ફેસબુકમાં તો તારા ફ્રેન્ડ-લિસ્ટનો ફિગર વધતો જ જઈ રહ્યો છે. રોજ નવા નવા બે-પાંચ ફ્રેન્ડઝ તું એડ કરતી હોય એમ લાગે છે.'' ''ઓહ, કમ-ઓન, ડીયર. તું પણ શું આવી બધી વાત લઈને બેસી જાય છે? કોઈ પ્રેમની વાત કર ને.''

''નો લવ-ટોક. તને મેં પહેલા પણ કેટલી બધી વાર કીધેલું છે કે તારા એફ.બી.માં ૧૦૦ કે ૨૦૦ ફ્રેન્ડઝ રાખ ને? પણ તું મારી કોઈ વાત માનતી જ નથી ને?'' ''અરે યાર, મારું ફેમિલી, મારા ફ્રેન્ડઝ, મારા ઓફિસ સ્ટાફના લોકો, એમ બધા મળીને આટલા ફ્રેન્ડઝ તો એફ.બી.માં થઈ જ જાય ને? જે લોકો સાથે મારે ક્લોઝ કોન્ટેક્ટ હોય એમની એફ.આર. હું કેવી રીતે ઈગ્નોર કરું?'' ''ઓ.કે. તને જેમ મરજી પડે એમ કર. પણ પેલો મિત કોણ છે કે જે તારી દરેક પોસ્ટમાં લાઈક આપે છે અને કોમેન્ટ પણ જબરદસ્ત કરે છે?'' ''જસ્ટ ચિલ્ડ યાર, એ મિત તો મારી જ ઓફિસમાં સાથે જોબ કરે છે. એને મારી કોઈ પોસ્ટ ગમે તો એમાં થઈ શું ગયું? અરે, આફ્ટર ઓલ, એ મારો ફ્રેન્ડ છે યાર.''

''ઓહ, ઓ.કે. ઓ.કે. ચાલ તો હવે એમ પણ કહી દે કે આવા તારે કેટલા ફ્રેન્ડઝ છે?'' ''ઓહ માય ગોડ. ડીયર, તું કેવી લેન્ગ્વેજમાં મારી જોડે વાત કરી રહ્યો છું? તને આવી બધી શંકાઓ કરતા શરમ નથી આવતી? પ્લિઝ, ડોન્ટ લૂઝ ટોક વિથ મી, યાર.'' ''વાત શંકાની નથી. પણ મેં જોયું છે કે તું પણ એ મિતની વોલ ઉપર જઈને એની દરેક પોસ્ટને લાઈક કરીને એમેઝિંગ કોમેન્ટ લખી આવે છે, એનું શું? તું એની કોમેન્ટ્સમાં રિપ્લાય પણ આપે છે અને એ પણ એની વોલ ઉપર તારી કોમેન્ટ્સમાં કશુંક ને કશુંક સ્યોર લખે જ છે. એનો મીનિંગ શું થયો? આઈ થિંક, તું એની સાથે ચેટિંગ-મેસેજ કરીને વાતો પણ કરતી જ હશે. કોણ જોવા આવવાનું છે?''

''અરે, બાપ રે... તું કેવી નેગેટીવ થિન્કિંગમાં વાત કરી રહ્યો છે મારી જોડે? હું તને પ્રેમ કરું છું, અને તું મારી ઉપર જ શંકાઓ રાખીને મારી જાસુસી કરતો હોય એવું બિહેવ કરે છે?''

''ઓ.કે. તો પેલો રાજ કોણ છે? એ પણ તારી દરેક પોસ્ટ અને કોમેન્ટમાં હાજર જ હોય છે અને એક ગ્રુપ-ફોટાનું તો તેં શેરિંગ પણ કર્યું છે...'' ''અરે, યાર. રાજ તો મારો સ્કૂલ-ટાઈમનો ફ્રેન્ડ છે. અમારા સ્કૂલ-ગ્રુપનું ગેટ-ટુ-ગેધર હતું. જસ્ટ એ પિક્સ હતા. તો એમાં થઈ શું ગયું? બટ, એની વે. જો તને ના ગમતું હોય તો હવે એવું નહીં થાય એનું હું પ્રોમિસ કરું છું. બસ, તું રિસાઈ ના જતો.''

''નો, નારાજ થવાનો કે રિસાઈ જવાનો તો સવાલ જ નથી. તને મેં વારંવાર કહ્યું છે કે આવું બધું મને પસંદ નથી. પણ તું મારી વાત માનતી જ નથી ને. તું કદાચ ક્યારેય સુધરવાની જ નથી. રાઈટ? તને છોકરાઓ સાથે પિક -શેરિંગ કરવાની ને વાતો કરવાની બહુ મજા આવે છે.'' આટલું કહીને પેલો બોયફ્રેન્ડ તો મોબાઈલ કટ કરી નાખે છે. પરંતુ મોબાઈલના સામા છેડે આ તરફ આ પ્રિયાનું શું થયું? એના મન અને હૃદય ઉપર શું વીતી હશે? એની ચિંતા કરનારું કોઈ હોતું નથી.

પ્રેમ એટલે એકબીજાની જાસુસી કરવી, એવો અર્થ નથી. દરેક વ્યક્તિનું બોડી જેમ જુદું છે, એમ દરેકનું મન અને હૃદય પણ જુદું છે અને વિચારોની સ્વતંત્રતા પણ જુદી જુદી છે. પ્રેમ એટલે એકબીજાની માલિકીનો હક્ક નહીં. સ્ત્રી અને પુરુષ પોતાના મનનું ગમતું કેમ ન કરી શકે? હા, એવું મનગમતું કરવાની લ્હાયમાં પેલા પ્રેમના ચાર પાયા (૧) વિશ્વાસ, (૨) સમજણ, (૩) શ્રદ્ધા અને (૪) વફાદારી વિસરાઈ જવા જોઈએ નહીં.

સ્ટોપર : પ્રેમમાં સમજણનો સેતુ હોય તો સંબંધ ટકી જાય અને પ્રેમ બચી જાય. - મોરારિ બાપુ

લાગણીનો મેળો ● ૪ પાનાનું ચાલુ...

સ્ત્રી પણ મોક્ષની અધિકારી છે. ગીતાકારે તો બ્રહ્મ એટલે મહાન તત્વ એનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે સતત એની તરફ જવાની જે ક્રિયા તેનું નામ બ્રહ્મચર્ય.

● અપરિગ્રહ : બિનજરૂરી સંગ્રહી જીવન વેડફી ન મારવું જોઈએ. સાત પેઢી સુધીનું ભેગું કરનારી માનવજાત છેલ્લે સાચું જીવી શકાતી નથી. આપણી સંસ્કૃતિએ અયાચકવૃત્તિને બિરદાવી છે. એના મૂળમાં અપરિગ્રહ છે. પૂજ્ય ડોંગરેજી મહારાજ કહેતા ''અયાચક વ્રત પાળનારો માણસ આવતીકાલની માટે પણ કશું રાખતો નથી તેમજ પોતાના એ વ્રતની કોઈને જાણ થવા દેતો નથી.'' મહાવીર એમાંથી પાર ઉતારેલા. અપરિગ્રહી જીવ હતા. દોસ્તો, અહિંસામાં અભય ને આત્મૌપમ્ય, સત્યમાં અનેકાંતવાદનો પ્રકાશ, અસ્તેયમાં આત્મોદ્ધારની કલ્પના બ્રહ્મચર્યમાં સાક્ષીભાવને અપરિગ્રહમાં અનાસક્તિ છલકાય એવા યુગંધર મહાવીરને કોટિ કોટિ વંદન!!

સ્પર્શમણિ

એક ગરીબ માણસે ભગવાન મહાવીરને પૂછ્યું, ''હું આટલો ગરીબ કેમ છું?'' ભગવાન મહાવીરે કહ્યું ''તું ગરીબ છે કારણ કે તું આપવાનું શીખ્યો નથી'' ગરીબે કહ્યું ''પરંતુ મારી પાસે તો આપવા જેવું કશું જ નથી'' ભગવાન મહાવીરે કહ્યુ; ''તારો ચહેરો એ સ્મિત, મુસ્કાન, હાસ્ય આપી શકે છે તારું મોઢું કોઈની પ્રશંસા કરી શકે છે. અથવા બીજાને જુસ્સો આપવા બે મીઠા બોલ બોલી શકે છે. તારા હાથ કોઈક જરૂરિયાતવાળાને મદદ કરી શકે છે. અને તું કહે છે કે તારી પાસે આપવા જેવું કશું જ નથી!!''

આત્માની ગરીબી જ વાસ્તવિક ગરીબી છે,
મેળવવાનો હક તેને જ છે જે આપવાનું જાણે છે.

Rasikvaland1965@gmail.com

ઉદ્યોગ ભવન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કચરાપેટીમાં ઉભરતી ગંદકીને સળગાવાતા ધુમાડાના ગોટે ગાટા ઉડતા નજરે પડયા હતા. બેધડી નજીકથી પસાર થતા રાહદારીઓને માટી આગ લાગી હોવાનુ માની દોડી આવ્યા હતા. જો કે કચરા પેટીના કચરાનો નિકાલ કરવાની આ હરકત સામે પ્રકૃતિ પ્રમીઓમાં પણ આકોશ પ્રવર્તયો હતો. સેકટરોમાં પણ ઘણીવાર વૃક્ષોની વનરાજી વચાળે પણ ઘણીવાર કચરો સળગાવી જાહેરમાં કચરો સળગાવી હરિયાળીને નુકશાન કરીને વાતાવરણમાં પ્રદુષણ ઉભુ કરવામાં આવે છે. આમછતા આ હરકત સામે કોઈ પગલા લેવાતા નથી. શહેરમાં કચરાનો નિકાલ કરવા માટે ડોર ટુ ડોર કચરો એકત્રિત કરવાનુ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. પરંતુ કચરાથી ઉભરતી કચરાપેટીમાંથી કચરો દુર કરવા માટે નિયમિત વ્યવસ્થા ગોઠવી શકાઈ નથી જયારે સેકટરોમાં સફાઈના મામલે પણ કાયમી વ્યવસ્થા થઈ શકી નથી. જેના પરિણામે સેકટરોના કોમન પ્લોટ તેમજ શેરીઓમાં પણ ઉકરડા અસ્તિત્વમાં આવેલા જોવા મળે છે.

સમરસતા અભિયાન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તેમણે જણાવ્યું હતું કે દલિતોનો વોટ બેંક તરીકે અમે ઉપયોગ કરતા નથી અમે સૌને સાથે રાખી સૌના વિકાસ માટે કામ કરી રહ્યા છીએ. મુખ્યમંત્રીશ્રીએ દલિત એકતા પર પણ વિશેષ ભાર મુક્યો હતો.

શ્રીમતિ પટેલે જણાવ્યુ હતુ કે સમરસ સમાજ રચના જ નહિ પણ સ્વસ્થ સમાજ રચના પણ અમારૂ લક્ષ્ય છે. અમે શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અમલી બનાવી અને ગંભીર બિમારીથી પિડાતા બાળકોનો સંપૂર્ણ ખર્ચ સારવારનો સરકાર ઉઠાવી રહી છે. તેમાં અમે કોઈ નાત જોતા નથી.

તેમણે એમ પણ કહ્યું કે હમણાં અમે મહિલા સશક્તિકરણ અંતર્ગત મહિલાઓના આરોગ્યની ચકાસણી હાથ ધરી છે. ૭૮ લાખ મહિલાઓની ચકાસણીને અંતે ૧૧૦૦ જેટલી મહિલાઓને જુદા જુદા કેન્સર હોવાનું જણાતા તેમની સારવાર પણ સરકારના ખર્ચે શરૂ કરી દેવામાં આવી છે.

આ પ્રસંગે રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પુરૂષોત્તમ રૂપાલાએ પણ આબાસાહેબના પુસ્તકોના સંદર્ભો ટાંકી સામાજિક સમરસતા માટે ભાજપે શરૂ કરેલા અભિયાનની વાતો કહી હતી.

આ પ્રસંગે શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સામાજિક ન્યાય અધિકારિતા મંત્રી શ્રી રમણલાલ વોરા, ધારાસભ્યશ્રી પૂનમભાઈ મકવાણાએ પણ પ્રાસંગિક ઉદ્બોધન કર્યા હતા.

આ સંમેલનમાં રાજ્ય મંત્રી મંડળના શ્રી નીતિન પટેલ, શ્રી રજનીભાઈ પટેલ, શ્રી રમણલાલ વોરા, બોર્ડ-નિગમના ચેરમેનો, સાંસદો જયશ્રીબેન પટેલ, કીરીટ સોલંકી તેમજ ધારાસભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

મહિલાને ઈજા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાડવાનુ મોટાભાગનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. સેકટરોમાં અંદાજિત ૧૯૦૦ જેટલા નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. જયારે નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવાની કામગીરી હાથ ધરાયા બાદ વિભાગ કક્ષાએ સરકારી આવાસોની સ્થિતિ સંબંધે જાણે સબ સલામત હોવાનો દાવો કરવામાં આવી રહયો છે. ત્યારે સેકટરોમાં આવાસોની છતમાંથી પોપડા ખરવાની ઘટના વારંવાર પ્રકાશમાં આવતા આમ નાગરિકોની સલામતી સામે પણ પ્રશ્ન મંડરાયો છે. એકબાજુ મહાનગરપાલિકાની ચુંટણીમાં વિકાસના મુદ્દે મતદારોને આકર્ષવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે. ત્યારે શહેરમાં સરકારી રહેણાંક વિસ્તારમાં જ રહીશોને માથે સલામત છત નસીબ ન થતી હોવાનુ સ્પષ્ટ થયુ છે. શહેરના સે-૭ માં ગઈકાલે જ-૨ કક્ષાના બ્લોક નં-૧૦૧માં મુખ્ય રૂમની છતમાંથી મોટુમસ પોપડુ ખરતા એક મહીલાને ઈજા થવા પામી હોવાનુ પ્રકાશમાં આવ્યુ છે. શહેરના સરકારી આવાસોમાં રીનોવેશનના અંતે પણ રહીશોને સલામત છત નસીબ થતી નથી. ત્યારે સરકારી આવાસોમાં છતમાંથી પોપડા ખરતા અટકાવવા માટે કોઈ અસરકારક પગલા લેવા માટે પણ વિભાગ કક્ષાએથી આયોજન થતુ નથી. સરકાર દ્વારા નવા આવાસો બાંધવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે.ત્યારે શહેરમાં હજુ પણ ભયજનક આવાસો આમ નાગરિકો માથે જળુંબતા ખતરા સમાન હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. માર્ગ મકાન વિભાગ દ્વારા શહેરમાં આવાસોનો સર્વે હાથ ધરી ભયજનક આવાસો દુર કરવા જોઈએ તેવી પણ લાગણી પ્રબળ બની છે.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

મધુર ડેરી, સેક્ટર-૨૫, 'ક' રોડ, જીઆઈડીસી એસ્ટેટ, ગાંધીનગર
ફોન નં. (૦૭૯) ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦

ટેન્ડર નોટીસ

ઉપરોક્ત સંસ્થામાં ડેરી પ્લાન્ટમાં આવેલ ૨ લાખ લીટરની અન્ડર ગ્રાઉન્ડ વૉટર ટેન્ક, ૬૦ લીટરની ઓવરહેડ ટેન્ક તેમજ ઈન્ફ્યુઅન્ટ વૉટર કલેક્શન ટેન્કમાંથી રેતી કચરો કાઢી, સફાઈ કરી કચરો બહાર ફેંકવા માટેની કામગીરીનો કોન્ટ્રાક્ટ આપવાનો હોઈ, રસ ધરાવતી